ગાંધીનગર સમાચાર

રાયસણ-કુડાસણ વિસ્તારમાં સપ્ટેમ્બરથી નર્મદાનુ પાણી અપાશે

# ગાંધીનગર રેલવે સ્ટેશન આધુનિક બનશે

## કેપિટલ સ્ટેશનનો પણ નઝારો બદલાશે : મહેસાણામાં રેલવે મંત્રીની જાહેરાત

ગાંધીનગર તા ૭

ગાંધીનગર કેપીટલ સ્ટેશનના વિકાસ માટે વર્ષોથી થોકબંધ રજુઆતો કરવામાં આવી રહી છે.



નગરના રેલવે સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવા માટે પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી હોવાછતા હજુ સુધી કોઈ એકશન લેવાયા નથી. ત્યારે આગામી દિવસોમાં રેલવે સ્ટેશનને આધુનિક ઢબે વિકાસ કરવામાં આવશે. સ્ટેશન વિસ્તારમાં જવા માટેનો હાલ રસ્તો પણ શોધવો પડે તેવી સ્થિતિ છે. લાઈટોના પણ ઠેકાણાં નથી ત્યારે કેપિટલ સ્ટેશનને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાની યોજના તૈયાર થઈ ગઈ છે.કેન્દ્રીય રેલવે મંત્રી સુરેશ પ્રભુએ આ અંગે જણાંવ્યુ છે કે સુરત તેમજ ગાંધીનગર રેલવે સ્ટેશનોને વધુ આધુનિક બનાવાશે. જેના પરિણામે દાયકાઓથી વેરાન ભાંસતા કેપિટલ સ્ટેશનનો નઝારો પણ બદલાઈ જશે.

કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યા બાદ પણ હાલ યાત્રિકોને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થતી નથી. કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવા માટે પણ સંખ્યાબંધવાર રજુઆતો કરવામાં આવી છે. જયારે દર વખતના રેલવે બજેટમાં પણ આ મામલે ઠેંગો દેખાડી દેવાતા નગરજનો તેમજ નગરની શુભચિંતક સંસ્થાઓ પણ નારાજગી જતાવે છે. કેપિટલ સ્ટેશનને પાટનગરને છાજે તેવી સુવિધાઓથી સજ્જ કરવા અને વધુ ટ્રેઈનો ફાળવવા માટે આમ નાગરિકોની લાગણી પ્રબળ બની છે. હાલ હાઈટેક વિકાસની વાતો વચ્ચે કેપિટલ સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ શોધવો પડે તેવી સ્થિતિ છે. જયારે રસ્તા પર લાઈટો પણ ડુલ રહે છે. બીજીતરફ લાંબા સમયથી નવી ટ્રેઈનો પણ ફાળવવામાં આવતી નથી. જયારે રોજ અવર જવર કરતી ચાર ટ્રેઈનોમાં ગાંધીનગર સ્ટેશન મુકામ લેતા યાત્રિકોને શહેર સુધી પહોંચવા માટે વાહન સુવિધા પણ મળતી નથી. રેલયાત્રિકો સંબંધિત સુવિધાઓના અભાવ વચ્ચે સ્ટેશન પર દુવિધાઓનુ દંગલ જોવા મળે છે. જો કે કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુની જાહેરાત બાદ કેપિટલ સ્ટેશન કે અચ્છે દિન આને વાલે હે તેવા સંકેતો મળ્યા છે. આગામી દિવસોમાં સુરત સહીત ગાંધીનગર સ્ટેશનને આધુનિક બનાવાની કાર્યયોજનાનો અમલ કરવામાં આવશે.

# જિલ્લાના પાંચ ગામ ૧૩મી સુધીમાં ઓપન ડેફીનેશન ફ્રી જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૭

૧૩મી જુન સુધીમાં ગાંધીનગર જિલ્લાના પાંચ ગામ જાહેર શૌચક્રિયા મુક્ત બનાવવાનું એક વિશેષ અભિયાન ગ્રામ વિકાસ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

ઈસનપુર મોટા, વાંકાનેરડા, આમજા, ખરણા અને મોતીપુરા(દ)ને જાહેર શૌચક્રિયા મુક્ત બનાવવામાં આવશે. આ માટે ગામદીઠ હાલ ૧૨-૧૨ સભ્યોની વોલીન્ટીયરની ટીમ બનાવી અને કામગીરી શરૂ કરવામાં આવી છે. આમાં સ્વયંસેવકોની સંખ્યા વધતી જશે.

મળતી વિગતો મુજબ સવારે ૪ વાગ્યાથી આ સ્વયંસેવકોની ટીમ જાહેરમાં શૌચક્રિયા માટે જનારને ગુલાબનું ફૂલ આપી તેમ ન કરવા સમજાવે છે. જેને સારો પ્રતિસાદ છેલ્લા બે દિવસમાં મળ્યો છે અને ૧૩મી સુધીમાં આ ગામોને ઓપન ડેફીનેશન ફ્રી વિલેજ જાહેર કરવામાં આવશે.

આ પછી જિલ્લામાં બીજા પચ્ચીસ ગામોને ઓપન ડેફીનેશન ફ્રી બનાવવાનું આયોજન હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# સ્વચ્છતા મિશન અંતર્ગત કેન્દ્રીય ટીમ જિલ્લાના પ્રવાસે

ગાંધીનગર, તા. ૭

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા, શૌચાલય અને શૌચાલય નિર્માણની ગુણવત્તાની ચકાસણી માટે ભારત સરકારના પેયજળ અને સેનીટેશન મંત્રાલયની ૧૨ અધિકારીઓની ટીમ આજે જિલ્લાની મુલાકાતે આવી પહોંચી છે.

આજે સવારે સાત વાગ્યાથી આ ટીમે જિલ્લાના ચારેય તાલુકામાં સ્વચ્છતા, શૌચાલય અને શૌચાલય નિર્માણની ગુણવત્તા ચકાસણીની કામગીરી હાથ ધરી દીધી છે. દરેક તાલુકામાં ત્રણ-ત્રણ ઈજનેરોની ટીમ રવાના થઈ ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે આ ટીમ જિલ્લાના ૩૫ ગામની અંદર જઈ ચકાસણી હાથ ધરશે. ટીમ દ્વારા જ દિલ્હીથી જ ગામોની પસંદગી નિયત કરી આવેલ છે. ટીમ દ્વારા આ ચકાસણીની સમગ્ર પ્રક્રિયાનું ડિઝીટાઈઝેશન અને વિડીયોગ્રાફી પણ કરવામાં આવનાર છે.

તંત્રના સૂત્રોણા જણાવ્યું છે કે આ ચકાસણી દરમ્યાન તેઓ ગામની પ્રા. શાળા, આંગણવાડીમાં બનાવવામાં આવેલ શૌચાલયની ગુણવત્તા સહિતની બાબતો ચકાસી અને તેની વિશેષ નોંધ તેમના અહેવાલમાં કરનાર છે.

આ ટીમ ગામમાં ૩૨ આવાસોમાં રહેતા પરિવારોમાં પણ પ્રશ્નોત્તરી દ્વારા સ્વચ્છતા અભિયાન, ડોર ટુ ડોર કલેક્શન અભિયાન તેમજ જાહેર શૌચક્રિયા મુક્ત ગામ બનાવવા કરાયેલ કામગીરી સહિત અન્ય યોજનાઓની અમલવારી વિશે પણ વિગતો એકત્ર કરનાર છે.

ત્રણ દિવસ સુધી આ ટીમ જિલ્લાના ગામડાઓ ખૂંદશે. આ ટીમના અહેવાલને આધારે સ્વચ્છતા મિશનની ગ્રાન્ટ દરેક જિલ્લાને જે

● અનુસંધાન પાન-૭ પર

# શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા

## ઉનાળાની ગરમીમાં આવક ઘટતા તમામ શાકભાજી મોંઘા થયા

ગાંધીનગર, તા. ૭

ઉનાળાની કાળઝાળ ગરમીમાં શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. ૫૦થી ૧૦૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહેલા શાકભાજીના ભાવો સાંભળી ગૃહિણીઓ રસોડાનું બજેટ કેવી રીતે મેનેજ કરવુ તેની ચિંતામાં ડુબેલી જોવા મળી રહી છે.

છેલ્લા કેટલાય દિવસોથી સમગ્ર ગુજરાતમાં ખુબ



આકરી ગરમી પડી રહી છે. વળી આ વર્ષે દુષ્કાળ જેવી પરિસ્થિતિના કારણે સિંચાઈની સગવડ પુરતી મળી નથી. જેના કારણે ખેડૂતો શાકભાજીનું ઉત્પાદન વધારી શક્યા નથી. ગરમી અને પાણીના અભાવે શાકભાજીની આવક ખુબ ઓછી થઈ ગઈ છે. આવકની સામે માંગ યથાવત રહેતા તમામ શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. ૫૦થી ૧૦૦ રૂ. કિલોના ભાવે લગભગ તમામ શાકભાજી વેચાતા હોવાથી ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ છે. ભાવો સાંભળી મધ્યમ વર્ગીય પરિવારની ગૃહિણીઓને આંખે પાણી આવી ગયા છે. કઠોળ અને દાળના ભાવો પણ આસમાને હોવાથી હવે માત્ર કેરી જ એક વિકલ્પ રહે છે જે થાળીમાં ભરપુર પીરસી શકાય છે. કોબીજ, દુધી અને રીંગણ જેવા શાકભાજી કે જેને થાળીમાં પસંદ કરવામાં આવતા નથી. તેના ભાવો પમ ૪૦ થી ૫૦ રૂ. પહોંચી ગયા છે. જયારે ભોજનમાં અનિવાર્ય ગણાય તેવા ટામેટા, લીંબુ અને કોથમીરના ભાવો ખુબ વધુ છે.

માત્ર કેરી સિવાયના તમામ ફળો પણ મોંઘા ભાવે વેચાઈ રહી છે. ટેટી-તરબુચની આવક વધુ છે પરંતુ ઉનાળાની ગરમીમાં તેની માંગ વધુ રહેતા ભાવો વધ્યા છે. વળી રમઝાન માસ પણ શરૂ થયો હોઈ ફળોના ભાવો વધી ગયા છે.

### શાકભાજીના ભાવો

| | |
|---|---|
| મરચા | ૮૦ રૂ. |
| ટામેટા | ૪૦/૫૦ રૂ. |
| દુધી | ૩૦ રૂ. |
| ગલકા | ૪૦ રૂ. |
| તુરીયા | ૬૦ રૂ. |
| ચોળી | ૮૦ રૂ. |
| ભીંડા | ૬૦ રૂ. |
| રવૈયા | ૭૦ રૂ. |
| રીંગણ | ૪૦ રૂ. |
| પરવર | ૭૦ રૂ. |
| ગવાર | ૭૦ રૂ. |

# ક-૭ પાસે પાણીની લાઈનનુ ગેરકાયદેસર જોડાણ દૂર કરવા પોલીસ સમક્ષ રજૂઆત

ગાંધીનગર તા ૭

ગાંધીનગર વિજાણુ વસાહતના રહેણાંક ઝોનમાં નર્મદાનુ પાણી પુરુ પાડતી લાઈનમાં ગેરકાયદેસર રીતે જોડાણ મામલે સ્થાનિક પોલીસને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે જી આઈ ડી સીના કાર્યપાલક ઈજનેરે સે-૨૧ પોલીસને પત્રના માધ્યમથી રજુઆત કરી છે.

ગાંધીનગર વિજાણુ વસાહતના રહેણાંક ઝોનમાં નર્મદાનુ પાણી પુરુ પાડવા ચરેડી હેડવર્કસથી લાઈન નાંખવામાં આવી છે. જયારે આ લાઈનમાં ક-૭ બાજુના રેલવે ક્રોસીંગથી ઝુંપડા વસાહત વચ્ચે પાણીની લાઈનનુ ગેરકાયદેસર જોડાણ કરવામાં આવ્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ઝુંપડા વસાહતમાં ગેરકાયદેસર રીતે જોડાણ લેવાયુ છે. આ મામલે તંત્રના અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ પણ કરવામાં આવી હતી. જયારે આ ગેરકાયદેસર જોડાણ દુર કરવા માટે જી આઈ ડી સી ના કાર્યપાલક ઈજનેર દ્વારા સે-૨૧ પોલીસને પત્ર લખી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે જાણ કરવામાં આવી છે.


# રાયસણ-કુડાસણ વિસ્તારમાં સપ્ટેમ્બરથી નર્મદાનુ પાણી અપાશે

## ગુડા વિસ્તારમાં પાણી વિતરણ માટે ૫૧ કીમી પાઈપલાઈનનુ નેટવર્ક : બીજા તબક્કામાં વાવોલ અને સરગાસણમાં પણ પાણી અપાશે : મીટર પધ્ધતિથી પાણી આપવામાં આવશે : પ્રતિ ૧ હજાર લીટરે ગુડા રૂ ૧૦ ચુકવશે

ગાંધીનગર તા ૭

ગુડા વિસ્તારના રાયસણ અને કુડાસણ ગામમાં આગામી સપ્ટેમ્બર મહીનાથી નર્મદાનુ પાણી આપવામાં આવશે. આ માટેની વોટર પોલિસી તૈયાર થઈ રહી છે. આ પાણી નીતિનો બોર્ડ કક્ષાએ મંજુરી અપાયા બાદ અમલ કરવામાં આવશે. ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે ગુડા પ્રતિલીટર રૂ ૧૦ ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રકચરને ચુકવશે. નવ મહીના બાદ વાવોલ તેમજ સરગાસણમાં પણ નર્મદાનુ પાણી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે.ગુડા વિસ્તારમાં મીટર પધ્ધતિથી નર્મદાનુ પાણી અપાશે.

ગુડા દ્વારા વિસ્તારમાં સ્થિત વિવિધ ટી પી ના ગામોમાં નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે આખરી આયોજન કરી દેવાયુ છે. આ માટે ટુંકમાં જ નવી વોટર પોલિસી તૈયાર કરી દેવાશે જયારે બોર્ડ કક્ષાએ આ નિતીને મંજુરી અપાયા બાદ અમલીકરણ કરાશે. આગામી સપ્ટેમ્બર મહીનાથી રાયસણ તેમજ કુડાસણ વિસ્તારમાં નર્મદાનુ પાણી અપાશે.ત્યારબાદ વાવોલ તેમજ સરગાસણ વિસ્તારમાં પણ નર્મદાનુ પાણી મળે તેવી વ્યવસ્થા ગોઠવાશે. ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી પહોંચતુ કરવા માટે ૫૧ કી મી ની પાઈપલાઈનનુ નેટવર્ક ગોઠવવામાં આવ્યુ છે. ગુડા નર્મદાના પાણી માટે પ્રતિ ૧ હજાર લીટર રૂ ૧૦ ચુકવશે. રાયસણમાં ૪૫ લાખ લીટર ક્ષમતા ધરાવતી અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે ૫ લાખ લીટરની બે ઓવરહેડ ટાંકી પણ છે. કુડાસણમાં ૧૧ લાખ લીટરની અન્ડર ગ્રાઉન્ડ ટાંકી છે. જયારે ૧૦ લાખ લીટરની આવરહેડ ટાંકીની સુવિધા પણ છે. ગુડા દ્વારા મીટર પધ્ધતિથી પાણી અપાશે. જયારે પાણી વિતરણ અને બીલની જવાબદારી માટે એજન્સીને કામ સોંપવામાં આવશે.



(તસવીર : વિનોદ રાઠોડ)

સરનામું બદલાયું - વૃક્ષોની ડાળીઓ કપાતાં વાનરો માટે કૂદવાનું અને બેસવાનું સ્થળ બદલાતું જાય છે... પર્યાવરણની વાતો કરતા આપણા સમાજે પક્ષીઓ અને પ્રાણીઓ માટે વિચારવાનું જાણે છોડી જ દીધું હોય એમ દેખાય છે... ખીસકોલી, ચકલી, કાબર, કબૂતર, કોયલના માળા હવે ક્યાં બનશે એ પ્રશ્ન છે... તો વાનરોને કૂદાકદ કરવા માટેની જગ્યાઓ કપાતી જાય છે... ત્યારે બદલાયેલા સમયમાં વાનરો બગીચાની લપસણી અને હિંચકાઓ પર કૂદાકૂદ કરવાની પ્રેક્ટીશ કરતા હોય એવા દૃશ્યો આજકાલ દેખાય છે.

# અડાલજમાં ૧૬ વર્ગ ખંડ ધરાવતી શાળાનું પ્રવેશોત્સવ દરમ્યાન લોકાર્પણ

## નભોઈ અને હરખજીના મુવાડા ખાતે શાળાના નવા મકાનની ખાતવિધિ પણ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આજથી શરૂ થઈ રહેલ ત્રિદિવસીય પ્રવેશોત્સવ દરમ્યાન ૧ નવીન શાળા અને ૨૬ વર્ગખંડોનું પણ લોકાર્પણ કરવામાં આવશે. જેના નિર્માણ પાછળ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રૂ. ૩ કરોડ જેટલો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૭૦૦થી વધુ શાળાઓમાં ત્રિદિવસીય પ્રવેશોત્સવનો પ્રારંભ સવારે ૮ વાગે થશે.

પ્રવેશોત્સવમાં પહેલીવાર મીની ગુણોત્સવને વણી લેવાયા ઉપરાંત પરિણામની ચકાસણી તેમજ મૂલ્યાંકન અંગેની પણ ચકાસણી અધિકારીએ કરવાની છે. શાળાના ડ્રોપઆઉટ રેસિયો, ગામમાં ચાલતા વિકાસ કામની મુલાકાત તેમજ સ્વચ્છતા અભિયાનને લઈ પણ વિશેષ સમીક્ષા કરવાની હોવાથી અધિકારીઓની કામગીરીમાં ભારેખમ વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજ ખાતે રૂ. ૧.૩૦ કરોડના ખર્ચે અદ્યતન સુવિધા સાથે ૧૬ વર્ગખંડ ધરાવતી શાળાનું લોકાર્પણ આજે કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે માણસાના ૪ ગામોમાં ૬ વર્ગખંડોનું લોકાર્પણ, કલોલ તાલુકામાં ૩ ગામોમાં પાંચ વર્ગખંડોનું, દહેગામના ૪ ગામમાં ૧૦ વર્ગખંડો તેમજ ગાંધીનગર તાલુકાના ૩ ગામમાં ૫ વર્ગખંડનું લોકાર્પણ આ ત્રિદિવસીય પ્રવેશોત્સવ સાથે કરવામાં આવશે.

આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના નભોઈ ગામે અને દહેગામ તાલુકાના હરખજીના મુવાડા ગામે બે નવી પ્રા. શાળાના મકાનોના નિર્માણની ખાતવિધિ પણ પ્રવેશોત્સવ દરમ્યાન યોજવામાં આવનાર છે.

જિલ્લામાં ત્રિદિવસીય ગુણોત્સવ માટે ૬૦ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે. પ્રવેશોત્સવ દરમ્યાન શાળાઓને ''ગુજરાત-૩૬૦'' ''આગેકદમ'' નામના પુસ્તકોની ભેટ પણ આપવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# કોંગ્રેસ અગ્રણી અહેમદ પટેલના પુત્રવધૂનું લાંબી માંદગી બાદ નિધન

ગાંધીનગર, તા.૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અગ્રણી અને રાજ્યસભાના સાંસદ શ્રી અહેમદ પટેલના પુત્રવધૂનું લાંબી માંદગી બાદ નિધન થતાં ભરૂચ જિલ્લમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

# પેટ્રોલ અને ડીઝલ પરનો વેટ હાલ ઘટાડવાની કોઈ વાત નથી : રૂપાણી

ગાંધીનગર, તા. ૭

રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પરનો વેટ ઘટાડવાની હાલ કોઈ વાત નથી એવુ સ્પષ્ટપણે પ્રદેશ ભાજપ પ્રમુખ વિજય રૂપાણીએ જણાવ્યું હતું.

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થયેલ ભાવ વધારો ઘટાડવો જોઈએ એવી વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ કરેલી માંગણી અંગે પ્રતીક્રિયા આપતા ભાજપના પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે કેન્દ્રમાં ભાજપની એનડીએ સરકારના બે વર્ષના શાસનમાં દેશનો જી.ડી.પી. ૭.૬ ટકા થયો છે. યુપીએના શાસનમાં જી.ડી.પી. ૪ ટકાથી નીચે હતો. સમગ્ર વિશ્વમાં મોટા ભાગના દેશમાં જી.ડી.પી. ઘટી ગયું હતુ છતાં ભારતમાં એન.ડી.એ. સરકારના શાસનમાં જી.ડી.પી. ગ્રોથ ૭.૬ ટકા થયો છે જે એક મોટી ઘટના છે. જેનાથી એ માની શકાય કે દેશ સાચી દિશામાં જઈ રહ્યો છે.

આર્થિક ચિત્રનું વિપક્ષી નેતાને ખ્યાલ નથી એમ જણાવીને વિજય રૂપાણીએ એવો આક્ષેપ કર્યો હતો કે યુપીએ સરકારના શાસનમાં ભ્રષ્ટાચારના કારણે દેશ બેહાલ થઈ ગયો હતો અને લુંટાઈ ગયેલ એનડીએ સરકારે સત્તામાં આવ્યા પછી પગલા લીધા છે જેની અસર દેખાઈ રહી છે.

તેમણે જણાવ્યું હતું કે સબસીડી જતી કરવા અને સ્વચ્છતા અભિયાનની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી અપીલ લોકોને અસર કરી ગઈ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Tourism Corporation of Gujarat Ltd.
INTERNSHIP PROGRAM
Tourism Corporation of Gujarat Limited, Gandhinagar invites applications for Internship Programme under the following fields from the freshly passed out students graduated from Recognized University. Those having experience of not more than 2 years would be preferable.
Accounts, Events, Marketing, New Tourism Policy, Legal.
A monthly stipend of Rs 10,000/- shall be provided during the internship. Interested candidates shall apply in the prescribed format at email id recruitment@gujarattourism.com before 14/06/2016 4.00 pm only after going through the details on our website www.gujarattourism.com
In case of any query contact on e-mail address: hr@gujarattourism.com
Managing Director

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com